## 1. સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ આપી, તેનાં લક્ષણો જણાવો.

- ભારતમાં સામાજિક પરિવર્તન સમજવા માટે સાંસ્કૃતિક પરિવર્તનનો ખ્યાલ ખૂબ મહત્ત્વ ધરાવે છે. વિવિધ પરિબળોની અસરના કારણે આધુનિક સમયમાં ભારતીય સમાજમાં અનેકવિધ સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં છે.
- સાંસ્કૃતિક પરિવર્તનનો અર્થ : સંસ્કૃતિનો ખ્યાલ ઘણો વિશાળ છે. તેમાં વિજ્ઞાન, યંત્રો, વાહનો, ઉત્પાદનનાં સાધનો, મકાનો, વાસણો, ફર્નિચર, તત્ત્વજ્ઞાન, ભાષા, કલા, સાહિત્ય, સામાજિક ધોરણો, મૂલ્યો, સામાજિક સંગઠનનાં સ્વરૂપો વગેરે અનેક તત્ત્વોનો સમાવેશ થાય છે. માનવીએ સમૂહજીવન જીવવા માટે વિકસાવેલી સાધનાત્મક વ્યવસ્થા અને ધોરણાત્મક વ્યવસ્થાનો સંસ્કૃતિમાં સમાવેશ થાયછે.સંસ્કૃતિના કોઈ પણ તત્ત્વમાં આવતા પરિવર્તનને સાંસ્કૃતિક પરિવર્તન કહે છે. સંસ્કૃતિનાં ભૌતિક પાસાંમાં ફર્નિચર, યંત્રો, મકાનો, ઉત્પાદનનાં સાધનો વગેરેનો સમાવેશ થાય છે. દા. ત., કાચાં મકાનને બદલે પાકું આધુનિક મકાન, સંપર્ક માટે ટેલિફોનના બદલે સેલફોનનો ઉપયોગ વગેરે સંસ્કૃતિનાં ભૌતિક પાસાંમાં આવેલું પરિવર્તન છે. સંસ્કૃતિનાં અભૌતિક પાસાંમાં ચિત્રકલા, નૃત્યકલા, જ્ઞાન, ભાષા વગેરેનો સમાવેશ થાય છે. દા. ત., આધુનિક ચિત્રકલા, લખવાબોલવામાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ વગેરે સંસ્કૃતિનાં અભૌતિક પાસાંમાં આવેલું પરિવર્તન છે. નવી અને જૂની સંસ્કૃતિનાં તત્ત્વોનાં મિશ્રણથી સાંસ્કૃતિક પરિવર્તન ન થાય છે. એક સંસ્કૃતિનાં તત્ત્વો બીજી સંસ્કૃતિમાં ઉમેરાતાં તે સમાજ માટે નવી સંસ્કૃતિ બને છે. દા. ત., ભારતના બંધારણમાં લોકશાહીનો સ્વીકાર થતાં રાજાશાહીના બદલે લોકશાહી સંસ્કૃતિનો વિકાસ થયો. સામાજિક પરિવર્તન કરતાં સાંસ્કૃતિક પરિવર્તન વધુ વિશાળ અને વધુ વ્યાપક અર્થ ધરાવે છે. આથી, બધાં સામાજિક પરિવર્તનો એ સાંસ્કૃતિક પરિવર્તનો છે. દા. ત., મૂલ્યોમાં આવેલું પરિવર્તન. સારવતનની વ્યાખ્યા : મેકાઈવર અને પેજના મતે,સાંસ્કૃતિક પરિવર્તનમાં ધર્મ, સાહિત્ય કલા વગેરેમાં થતાં પરિવર્તનોનો સમાવેશ થાય છે. સામાજિક પરિવર્તન સાંસ્કૃતિક ગતિશીલ હોય છે. કારણ કે. સામાજિક સંબંધોમાં જેટલી ઝડપથી પરિવર્તન આવે છે તેટલી ઝડપથી ક્લા, વિજ્ઞાન, સાહિત્ય,પરમપરા, ધર્મ, તત્વજ્ઞાન વગેરેમાં આવતું નથી.''
- દા. ત. માતા પિતા અને સંતાનો વચ્ચેના સંબંધોમાં આવેલું પરિવર્તન. સામાજિક પરિવર્તન અને સાંસ્કૃતિક પરિવર્તનની સમાજ પર અસર પડે છે. દા. ત., જૂથજીવન અને સંબંધોમાં પરિવર્તન આવે તો સંસ્કૃતિનાં તત્ત્વો, મૂલ્યો અને માન્યતાઓને તેની અસર થાય છે. એ જ પ્રમાણે સાંસ્કૃતિક વાતાવરણમાં પરિવર્તન આવે તો સમાજજીવનમાં પરિવર્તન આવે છે. ધ. ત., સાંસ્કૃતિક પરિવર્તનના કારણે ગ્રામીણ સમાજજીવનમાં પરિવર્તન આવ્યું છે. કેટલાંક સાંસ્કૃતિક પરિવર્તનો સામાજિક તંત્રને અસર કરતાં નથી. દા. ત., ભાષાના ઉચ્ચારણ કે ધ્વનિના સંબંધમાં આવતાં પરિવર્તન, સંગીત અને નૃત્યની શૈલીમાં આવતાં પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન છે પરંતુ તેની સમાજ પર કોઈ નોંધપાત્ર અસર થતી નથી. સમાજશાસ્ત્ર માત્ર એવાં સાંસ્કૃતિક પરિવર્તનોનો અભ્યાસ કરે છે જે સામાજિક સંગઠનમાંથી નીપજતાં હોય અને સામાજિક સંગઠનને અસર કરતાં હોય. સામાજિક પરિવર્તન અને સાંસ્કૃતિક પરિવર્તન વચ્ચે પાતળી ભેદરેખા હોવાથી તે કર્યું પરિવર્તન છે તે નક્કી કરવું મુશ્કેલ હોયભારતીય સમાજના સામાજિક પરિવર્તનને સમજવા માટે સાંસ્કૃતિક પરિવર્તનનો ખ્યાલ મહત્ત્વનો છે. વિવિધ પરિબળોની અસરના કારણે આધુનિક સમયમાં ભારતીય સમાજમાં અનેકવિધ સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં છે. મકાઈવર અને પેજની સાંસ્કૃતિક પરિવર્તનની વ્યાખ્યાના આધારે સાંસ્કૃતિક પરિવર્તનનાં મહત્ત્વનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

- 1. સંસ્કૃતિના કોઈ પણ ભાગમાં આવતું પરિવર્તન : સંસ્કૃતિના કોઈ પણ ભાગમાં કે કોઈ પણ તત્ત્વમાં આવતા પરિવર્તનને સાંસ્કૃતિક પરિવર્તન કહે છે. ઉત્પાદનનાં સાધનો સંસ્કૃતિનો એક ભાગ છે. દા. ત., ઓધોગિક ક્રાંતિ પહેલાં ભારતમાં ઉત્પાદનનાં હાથથી ચાલતાં સાદાં સાધનોનો વપરાશ થતો હતો, પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી ભારતીય સમાજમાં ઉત્પાદનનાં વીજળીથી ચાલતાં યાંત્રિક સાધનોનો વપરાશ થવા લાગ્યો. વર્તમાન સમયમાં ભારતીય જ્ઞાતિપ્રથાના અંતઃલગ્નના પરંપરાગત નિયમોમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે. સામાજિક સંગઠનના નિયમોમાં આવતું પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તન છે.
- 2. સમાજની સાધનાત્મક વ્યવસ્થામાં થતું પરિવર્તન : સમાજ પોતાની વિવિધ પ્રકારની જરૂરિયાતો સંતોષવા માટેનાં સાધનો વિસાવે છે.  આ સાધનોમાં યંત્રો, વાહનો, મકાનો, પુસ્તકો, વાસણો, ફર્નિચર, રસ્તાઓ, પુલો, બંધો, રાચરચીલું, સુખસગવડનાં અનેકવિધ સાધનો વગેરે મુખ્ય સુવિધા આપતાં સાધનોમાં આવતાં પરિવર્તનને સાંસ્કૃતિક પરિવર્તન કહે છે. દા. ત., મકાન, બંગલા, ફ્લેટ વગેરેના બાંધકામમાં નવી પદ્ધતિનો વિકાસ. રસોડામાં જમવા બેસવા માટે પાટલાને સ્થાને ડાઇનિંગ ટેબલનો ઉપયોગ; ઘરમાં બેસવા માટે સોફાસેટનો વપરાશ વગેરે.
- 3. સમાજની ધોરણાત્મક વ્યવસ્થામાં થતું પરિવર્તન : સામાજિક સંબંધોની વ્યવસ્થાને ટકાવી રાખવા માટે સમાજ ધોરણાત્મક વ્યવસ્થા સર્જે છે, જે સંસ્કૃતિનો એક ભાગ છે. સંસ્કૃતિના આ ભાગમાં થતું પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તન છે.  મૂલ્યો, વર્તનના નિયમો, આચારવિચારની પદ્ધતિઓ વગેરે ક્ષેત્રોમાં થતું પરિવર્તન સાંસ્કૃતિક પરિવર્તન છે. જેમ કે, મહિલાશિક્ષણ અંગેનાં મૂલ્યોમાં થતો ફેરફાર, મહિલાઓને નવા અધિકારો આપતા કાયદાઓ, શિક્ષણપદ્ધતિ અને પરીક્ષાપદ્ધતિમાં થતા ફેરફારો, ખોરાક બનાવવાની નવી પદ્ધતિઓનો સ્વીકાર, લગ્ન વિશેના ખ્યાલોમાં પરિવર્તન, નવી ફેશનોનો વિકાસ, રાજકીય શાસન પ્રણાલીમાં નવી પદ્ધતિનો વિકાસ વગેરે.  આ બધાં ક્ષેત્રે થતા ફેરફારોને સાંસ્કૃતિક પરિવર્તન કહેવાય.

## 2. સંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં પાસાં ટૂંકમાં જણાવો.

- ભારતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. એમ. એમ. શ્રીનિવાસ 'સંસ્કૃતિકરણ' શબ્દના પ્રયોજક છે.  ભારતીય જ્ઞાતિવ્યવસ્થાનાં સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનને સમજાવવા માટે તેમણે આ શબ્દનો ઉપયોગ કર્યો છે. ડૉ. શ્રીનિવાસે પોતાના પુસ્તક 'આધુનિક ભારતમાં સામાજિક (ર્જીષ્ઠૈટ્ઠઙ્મ ઝરટ્ઠહખ્તી હ ર્ઙ્ઘીહિૈં હઙ્ઘૈટ્ઠ) સંસ્કૃતિકરણની સવિસ્તર ચર્ચા કરી છે.
- સંસ્કૃતિકરણની પ્રક્રિયાનાં કેટલાંક પાસાં નીચે પ્રમાણે છે :
- (1) સંસ્કૃતિકરણની પ્રક્રિયામાં વ્યક્તિ નહિ, પરંતુ સમગ્ર જ્ઞાતિસમૂહ ઊભી સામાજિક ગતિશીલતા પ્રાપ્ત કરે છે. સંસ્કૃતિકરણ થાય એટલે જ્ઞાતિસમુહને આપોઆપ ઊંચો સામાજિક દરજ્જો પ્રાપ્ત થતો નથી. તે માટે તે જ્ઞાતિએ પોતાનો દાવો ખાગળ ધરવો પડે છે અને તે માટે તેમણે પ્રયત્ન કરવો પડે
- (2) સંસ્કૃતિકરણની પ્રક્રિયાને કારણે સમગ્ર જ્ઞાતિ ઊભી સામાજિક ગતિશીલતા પ્રાપ્ત કરે છે. આ ઊંચા દરજ્જા માટે નિમ્ન જ્ઞાતિના સભ્યો પોતાનો દાવો રજૂ કરે છે. સંસ્કૃતિકરણ થવાથી જ્ઞાતિના કોટિક્રમમાં સ્થાનફેર થાય છે, પરંતુ સમગ્ર જ્ઞાતિવ્યવસ્થા પાયામાંથી બદલાઈ જતી નથી .
- (3) સંસ્કૃતિકરણથી આર્થિક ઉન્નતિ થાય એવી કોઈ ખાતરી હોતી નથી.  જે વ્યક્તિઓ આર્થિક અને રાજકીય રીતે આગળ હોય પરંતુ સાંસ્કૃતિક દરજ્જો ઊંચો ન હોય તેવી વ્યક્તિઓ સંસ્કૃતિકરણથી દરજ્જો ઊંચો લાવે છે.

- (4) સંસ્કૃતિકરણના ખ્યાલમાં પ્રભાવી જ્ઞાતિની ભૂમિકા મહત્ત્વની છે.
- (5) સંસ્કૃતિકરણની પ્રક્રિયા માત્ર હિન્દુ જ્ઞાતિઓ પૂરતી મર્યાદિત નથી, આદિવાસી સમુદાયોમાં પણ સંસ્કૃતિકરણની પ્રક્રિયા જોવા મળે છે. કેટલાક આદિવાસી સમૂહો પણ જ્ઞાતિનો ઊંચો દરજ્જો મેળવવાનો દાવો કરે છે. સંસ્કૃતિકરણની આ પ્રક્રિયા પશ્ચિમ ભારતમાં 'ભીલો' અને મધ્ય ભારતમાં 'ગોન્ડ', 'હો' અને 'ઉરાવ' સમૂહોમાં જોવા મળે છે. આ અર્થમાં સંસ્કૃતિકરણ સામાન્ય પ્રક્રિયા છે. તે સમૂહો અને સમુદાયો માટે ઊર્ધ્વમુખી (ઊભી) સામાજિક ગતિશીલતાનું માધ્યમ છે. સંસ્કૃતિકરણ નિમ્ન જાતિઓને ઉચ્ચ જાતિઓના રિવાજો, પ્રથાઓ અને સિદ્ધાંતોનું અનુકરણ કરીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે.
- (6) સંસ્કૃતિકરણની પ્રક્રિયા હંમેશાં સ્થિર અને સરળ હોતી નથી.જ્યારે નિમ્ન જાતિની વ્યક્તિઓ ઉચ્ચ જાતિઓની જીવનશૈલીનું અનુકરણ કરે છે ત્યારે હંમેશાં વિરોધ વગરની પરિસ્થિતિ હોતી નથી. રિવાજો અને વેશભૂષામાં થતાં નાનામોટા ફેરફારોને સ્વીકારવામાં આવે છે, પરંતુ જ્યારે નિમ્ન જાતિની વ્યક્તિઓ ઉચ્ચ જાતિઓનાં મહત્ત્વપૂર્ણ પ્રતીકો અપનાવે છે ત્યારે તેનો વિરોધ પણ થાય છે અને તેમને દંડ પણ કરવામાં આવે છે. દેશના ઘણા ભાગોમાં આવાં સંઘર્ષ, વિરોધ અને દંડનાં ઉદાહરણો જોવા મળે છે. ડૉ. શ્રીનિવાસ જણાવે છે કે, પૂર્વ ઉત્તર પ્રદેશના નોનિયા જાતિએ જ્યારે સામૂહિક યજ્ઞોપવીત ધારણ કર્યું ત્યારે આ પ્રકારનો વિરોધ અને સંઘર્ષ થયા હતા.
- (7) ઈ. સ. 1931માં દેશના વિભિન્ન પ્રદેશોમાંથી અનેક નિમ્ન જ્ઞાતિઓરને એ સમયનો સંગ્રેસ કમિશનરે આગળ પોતાની વાતોને બ્રામિણ, ક્ષત્રિય કે અન્ય ઉચ્ચ જ્ઞાતિઓનો દરજો નાપવાની સામણિ, રજૂરમાતો કરી હતી, આ જ્ઞાતિનોએ પોતાને ઉચ્ચ જ્ઞાતિઓ તરીકે ગણવા માટે દંત કથા . પૂર્વજો સાથેના સંબંધો કે અન્ય પુરાવાઓ રજૂ કર્યા હતા. તેના પરિણામે કમિશનરે ઈ. સ. 1931ની વસ્તી ગણતરીમાં આ શાતિઓની નોંધણી ઉચ્ચ જ્ઞાતિઓ તરીકે કરી હતી. ડૉ. શ્રીનિવાસ આ પ્રક્રિયાને પણ સંસ્કૃત્તિકરણના ભાગરૂપે ગણે છે
- (8) સંસ્કૃતિકરણની પ્રક્રિયામાં નિમ્ન જ્ઞાતિજૂથ ઉચ્ચ જ્ઞાતિજૂથના રીતરિવાજો, વિધિવિધાનો, માન્યતાઓ, વિચારસરણી અને જીવનપદ્ધતિને અપનાવે છે. આ રીતે તે ઉચ્ચ જ્ઞાતિનો દરજ્જો મેળવી ગતિશીલતા સર્જે છે. પરંતુ આમ કરવા જતાં પોતાની મૂળ જ્ઞાતિની કેટલીક સારી બાબતોનો પણ તેઓ ત્યાગ કરે છે. દા. ત., ભારતમાં જ્ઞાતિવ્યવસ્થામાં ઉચ્ચ જ્ઞાતિજૂથમાં, ખાસ કરીને બ્રાહ્મણોમાં, વિધવા વિવાહ પર પ્રતિબંધ હતો. આ બાબતનું અનુકરણ કરીને કેટલીક નિમ્ન જ્ઞાતિઓએ પણ પોતાની જ્ઞાતિઓમાં પ્રવર્તતા પરંપરાગત વિધવા વિવાહ અને છૂટાછેડા જેવા રિવાજો બંધ કરાવ્યા. આમ, પતિના અવસાન બાદ મહિલા પુનઃલગ્ન કરી પોતાનું જીવન નવેસરથી જીવી શકે તેવી આવકારદાયક પરંપરાનો ત્યાગ કરવામાં આવ્યો.

3. પશ્ચિમીકરણનાં પાસાં ટૂંકમાં વર્ણવો. (March 18)

- ડૉ. એમ. એમ. શ્રીનિવાસે સૌપ્રથમ વાર પશ્ચિમીકરણના ખ્યાલની સમજૂતી આપી છે. તેમના મત મુજબ, પશ્ચિમીકરણ એવી પ્રક્રિયા છે જેમાં ભારતમાં 150 વર્ષના બ્રિટિશ શાસનને કારણે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં યાંત્રિક, સંસ્થાકીય, વૈચારિક અને મૂલ્યસંબંધિત એમ વિવિધ સ્તરે પરિવર્તનો આવ્યાં છે. ડૉ. એમ. એમ. શ્રીનિવાસ ભારત પર પશ્ચિમીકરણની અસરોને નીચે દર્શાવેલાં પાસાંઓ દ્વારા સમજાવે છે :
- 1. કૃષિક્ષેત્રે કાયદાઓ : બ્રિટિશ શાસન દરમિયાન કૃષિક્ષેત્રે કેટલાક કાયદાઓ અમલમાં આવ્યા. 18મી સદીના અંત ભાગમાં જમીન માલિકી અને મહેસુલ ઉઘરાવવા અંગેની જમીનદારી, રૈયતવારી અને મહાલધારી વ્યવસ્થાઓ દાખલ કરવામાં આવી. બ્રિટિશ સરકારે જમીનની માલિકી અંગેના સર્વે કરાવ્યા અને તેને આધારે જમીનમહેસૂલ નક્કી કરવામાં આવ્યું. આ કારણે ભારતના ગ્રામવિસ્તારોમાં નવા જમીનસંબંધાસ્થપાયા.
- 2. આધુનિક ન્યાયવ્યવસ્થા : બ્રિટિશરોએ પોતાના દેશમાં અસ્તિત્વ ધરાવતા કાયદા અને વ્યવસ્થાની રીતોનો ભારતમાં અમલ કરાવ્યો. લશ્કર અને પોલીસદળોની નવેસરથી આધુનિક રચના કરવામાં આવી. નવી કાયાકીય વ્યવસ્થાઓ સ્થપાતાં આધુનિક ન્યાયતંત્રની શરૂઆત થઈ. તેના પરિણામે પરંપરાગત ભારતીય કાયદાવ્યવસ્થા અને રિવાજ આધારિત કાનૂન પર વિપરીત અસરો થઈ.
- 3. શિક્ષણવ્યવસ્થા : પશ્ચિમી કરણની સૌથી વ્યાપક અસર શિક્ષણવ્યવસ્થા પર પડી. બ્રિટિશરોએ ભારતમાં આધુનિક શિક્ષણવ્યવસ્થા દાખલ કરી અને તમામ વ્યક્તિઓ માટે શિક્ષણની સમાન જોગવાઈ કરી. 19મી સદીની શરૂઆતમાં ભારતમાં અનેક સ્થળોએ શાળાઓ અને કોલેજોની શરૂઆત કરવામાં આવી. સમય જતાં ગ્રામવિસ્તારો સુધી શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવી. તેના પરિણામે નવા વિચારો અને મૂલ્યોનો પ્રચાર તથા પ્રસાર થયો. ઈ. સ. 1875માં મુંબઈ, કોલકાતા અને ચેન્નઈ ખાતે યુનિવર્સિટીઓની શરૂઆત થતાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધ્યો.
- 4. છાપખાનાં : બ્રિટિશરોએ ભારતમાં છાપખાનાની શરૂઆત કરી આથી અખબાર, પુસ્તકો અને સામયિકોનું પ્રકાશન શરૂ થયું. સમાજના વિવિધ વર્ગો અને સમૂહોને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળી. તે પરિણામે ભારતમાં વૈશ્વિક સ્તરના નવા વિચારો અને મૂલ્યોનો પ્રસાર થયો.
- 5. નવી વિચારસરણી : પશ્ચિમીકરણના લીધે નવા વિચારો અને સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા. ડૉ. શ્રીનિવાસ આ સંદર્ભમાં 'માનવતાવાદ'ના વિચારોને સૌથી વધુ । મહત્ત્વ આપે છે. માનવતાવાદનો વિચાર બધી વ્યક્તિઓના કલ્યાણની વાત કરે છે.જ્ઞાતિ, આર્થિક સ્થિતિ, ધર્મ, ઉંમર અને જાતિના ભેદભાવ વિના સૌના કલ્યાણનો આ આદર્શ છે. સમાનતા, સ્વતંત્રતા અને બિનસાંપ્રદાયિકતાના ખ્યાલોએ ભારતમાં માનવતાવાદી વિચારસરણી ફેલાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો.
- 6. આધુનિકતાનો વિકાસ : પશ્ચિમીકરણના કારણે ભારતમાં વેપાર અને ઉદ્યોગોનો વિકાસ થયો તથા શિક્ષણનો પ્રસાર થયો. પરિણામે એક નવો વર્ગ ઉદ્ભવ્યો, જે મધ્યમ વર્ગ તરીકે ઓળખાયો. બ્રિટિશ સરકારના વહીવટીતંત્રમાં જોડાયેલો શિક્ષિત વર્ગ સમય જતાં આધુનિક ભારતનો અસરકારક વર્ગ બન્યો. આ સાથે વકીલો, ડૉક્ટરો, અધ્યાપકો, સાહિત્યકારો અને કલાકારોનો બુદ્ધિજીવી વર્ગ પણ અસ્તિત્વમાં આવ્યો. આ નવા વર્ગોએ પશ્ચિમી સંસ્કૃતિનાં કેટલાંક તત્ત્વોનો સ્વીકાર કર્યો. પરિણામે નગરોમાં આધુનિકતાનો વિકાસ થયો.

- 7. લોકશાહીનો વિકાસ : બ્રિટિશ શાસન દરમિયાન શરૂ થયેલાં સ્વતંત્રતાઆંદોલનમાં પશ્ચિમી લોકશાહી, ઉધરતાવાદ અને રાષ્ટ્રીયતાથી પ્રેરાઈને લોકોનાં સંગઠનો રચાયાં. પરિણામે લોકોમાં લો કેશોમી પ્રત્યેક શ્રદ્ધા અને વિશ્વાસનો વિકાસ થયો. સ્વતંત્ર ભારતમાં લોકશાહી સમાજની સ્થાપનાને પશ્ચિમી કરણની અસરરૂપે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

## 4. વૈશ્વિકીકરણનાં લક્ષણો જણાવો.

- વૈશ્વિકીકરણ એટલે વિશ્વના બધા દેશોનાં અર્થતંત્રને એકબીજા સાથે વ્યવસ્થિત રીતે ભેગાં કરવાં, પરિણામે આખું વિશ્વ એક સુવ્યવસ્થિત વિશાળ બજાર બની જાય. વૈશ્વિકીકરણની પ્રક્રિયા જટિલ છે. આ પ્રક્રિયામાં આધુનિકીકરણ . ઔદ્યોગિકીકરણ અને મૂડીવાદનો સમાવેશ થાય છે. વૈશ્વિકીકરણનાં લક્ષણો નીચે મુજબ છે
- 1. જટિલ પ્રક્રિયા છે : વૈશ્વિકીકરણની પ્રક્રિયા જટિલ છે, કેમ છે. તેની સાથે ઉદારીકરણ અને ખાનગીકરણ ગાઢ રીતે જોડાયેલાં છે. વૈમિનકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણની પરસ્પર અસર થતી હોવાથી આ પ્રક્રિયા જટિલ અને અઘરી બને છે. વૈકિકીકરણ કારણ અને પરિણામ એમ બંને રીતે અસર કરે છે. આથી તે જટિલ પ્રક્રિયા છે.
- 2. બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે : વૈશ્વિકીકરણ આર્થિક, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક વગેરે અનેક બહુવિધ પાસાં ધરાવતી પ્રક્રિયા છે. સમાજ શાસ્ત્ર માત્ર વૈશ્વિકીકરણનાં સામાજિક અને સાંસ્કૃતિક પાસાંઓનો અને તેના પરિણામોનો જ અભ્યાસ કરે છે.
- 3. નવીન શોધ અને પ્રસરણ સુચવતી પ્રક્રિયા : વૈશ્વિકીકરણની પ્રક્રિયા દ્વારા નવા ઉદ્યોગો અને નવાં યંત્રવિજ્ઞાનોની શોધોને પ્રોત્સાહન મળ્યું છે. નવી શોધોને સમગ્ર વિશ્વમાં પ્રસરણ માટેની ગતિ અને તક મળ્યાં છે. દા. ત., ઇન્ટરનેટનો ઉપયોગ અને સેવાઉદ્યોગ.
- 4. નાગરિક અધિકારો અને માનવતાની ચેતના જગાવતી પ્રક્રિયા છે : વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ નાગરિક અધિકારો અને માનવતાની ચેતના જગાવી છે. આ પ્રક્રિયાએ વિશ્વમાંથી ગરીબી નાબૂદ કરી શિક્ષણ અને આરોગ્ય માટેનાં દબાણોને જન્મ આપ્યો છે. માહિતી અધિકારનો કાયદો, ફૂડ ફૉર ઑલ વગેરે જેવા કાયદાઓ બનાવવાની સરકારને ફરજ પડી છે. પર્યાવરણમાં થતાં પરિવર્તનના કારણે આવતી કુદરતી આફતોમાં એકબીજાને ઉગારવાની અને મદદ કરવાની માનવતાની ભાવના વિક્સાવી છે.
- 5. વૈશ્વિક સંસ્કૃતિ : કેટલાક વિદ્વાનોના મત મુજબ વૈશ્વિકીકરણની પ્રક્રિયાના પરિણામે એક ‘વિશ્વ સંસ્કૃતિ’નો ઉદ્ભવ થશે. જેમાં કુટુંબ, લગ્ન, મનોરંજન, કલા, સાહિત્ય વગેરે તત્ત્વોનો સમાવેશ થશે. દા. ત., વિશ્વના બધા દેશોમાં થતી ‘વેલેન્ટાઇન ડેની ઉજવણી.
- 6. સંસ્કૃતિનું સમન્વયીકરણ : વૈશ્વિકીકરણની પ્રક્રિયાને કારણે દૂરસંચાર વ્યવહાર, પર્યટન, સ્થળાંતર, સંદેશાવ્યવહાર વગેરે. પ્રક્રિયાઓ એટલી બધી ઝડપી બની છે કે જેના પરિણામે દુનિયાની સંસ્કૃતિઓ એકબીજાના સંપર્કમાં આવતાં સંસ્કૃતિનું સમન્વયીકરણ શક્ય બન્યું છે. દા. ત., ભાંગડા, પોપ અને ફ્યુઝન મ્યુઝિક.
- 7. વિનિમયનું સાધન ચલણ : વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં વિનિમયનું સાધન વસ્તુ નહિ પરંતુ ચલણ થઈ ગયું છે. યુરોપના દેશો વચ્ચે ચાલતું ‘યુરો’ ચલણ આનું ઉદાહરણ છે.

- 8. બજારોનું પ્રભુત્વ : વૈશ્વિકીકરણની પ્રક્રિયાથી એક વૈશ્વિક સ્વરૂપનું બજાર અસ્તિત્વમાં આવ્યું છે. આથી વેપારરોજગાર માં બજારનું મહત્ત્વ વધ્યું છે.  વિશ્વ સ્તરે અર્થવ્યવસ્થાનું એક માળખું રચાયું છે. જેના પરિણામે વસ્તુઓના વપરાશની પદ્ધતિઓ સમગ્ર વિશ્વમાં સમાન બની છે. દા. ત., નૂડલ્સ, પીઝા વગેરે.
- 9. નવાં સામાજિક આંદોલનો : યોગેન્દ્રસિંહના મતે, ''ભારત જેવા વિકાસશીલ દેશોમાં વૈશ્વિકીકરણના લીધે આવેલાં પરિવર્તનોએ આંદોલનોને જન્મ આપ્યો છે.'  આ આંદોલનોમાં મહિલાઓના અધિકારો માટેના આંદોલનો, પર્યાવરણ તથા પ્રદૂષણ અંગેની સમૂહચર્ચાઓ અને પર્યાવરણ સુરક્ષા આંદોલનો, માનવ અધિકારો અંગેનાં આંદોલનો વગેરેનો સમાવેશ થાય છે

5. ઉદારીકરણના ગેરલાભો જણાવો.

- ઉદારીકરણથી અર્થતંત્રને અને પ્રજાને કેટલુંક નુકસાન પણ થયું છે. ઉદારીકરણના ગેરલાભો નીચે પ્રમાણે છે : ખાનગીકરણ અને ઉદારીકરણને કારણે રોજગારીની તકોમાં ઘટાડો થતાં બેરોજગારોનું પ્રમાણ વધ્યું છે. સસ્તી કિંમતે આધુનિક ટેક્નોલૉજી પ્રાપ્ત થતાં જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં રોજગારીની તકો ઘટી છે અને બેકારીનું પ્રમાણ વધ્યું છે. કૃષિક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિનો દર ઘટ્યો છે. રાસાયણિક ખાતરોનો વધુ ઉપયોગ થવાથી જમીનની ફળદ્રુપતા ઓછી થઈ છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ પેટન્ટ દ્વારા ભારતીય કૃષિસંપત્તિ પર પોતાનો અંકુશ જમાવવાનો પ્રયત્ન કરે છે.
- બહુરાષ્ટ્રીય કંપનીઓનાં બી. ટી. બિયારણો, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓએ જમીનની ફળદ્રુપતા ઘટાડી પ્રદૂષણ વધાર્યું છે. વૈશ્વિકીકરણને લીધે નાના ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગો વિદેશી કંપનીઓની સ્પર્ધામાં ટકી શકતા નથી. પરિણામે ઉત્પાદન, રોજગારી, નિકાસ વેગમાં ઘટાડો થયો છે.
- વૈશ્વિકીકરણની નીતિ અપનાવવાથી ભારતને વિશ્વ વ્યાપાર સંગઠન'ની શરતોનું પાલન કરવાની ફરજ પડી છે. ભારતે આયાત જકાતો મોટા પ્રમાણમાં ઘટાડી તથા આયાત અંગેના નિયમો વધુ ઉદાર બનાવ્યા. આથી આયાતોમાં મોટા પાયે વૃદ્ધિ થઈ જ્યારે નિકાસવૃદ્ધિનો દર ખૂબ જ ઓછો રહ્યો. ભારતીય નિકાસકારોને બાળમજુરી, પર્યાવરણ વગેરેને લગતા કાયદાઓ અવરોધતા હોવાથી ભારતની વેપાર ખાધ વધતી જાય  જો ભારતમાં કૃષિ, ઉદ્યોગ કે સેવા ક્ષેત્રની વસ્તુઓ કે યંત્રસામગ્રીની આયાતો વધે, તો માર્થિક વિકાસને વેગ મળે; પરંતુ ભારતમાં મોટા ભાગની આયાતો વૈભવ, વિલાસ અને મોજશોખને લગતી વસ્તુઓની છે, બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં સસ્તા ભાવે જમીનો ખરીદી, શ્રમિકોને ઓછું વેતન ચૂકવી, મોટા પાયા પર ઉત્પાદન કરી પોતાનો વેપાર વધારે છે અને નફો પોતાના દેશમાં મોકલે છે. આમ, આવકનું બહિર્ગમન થાય છે.
- આર્થિક સુધારાની નીતિના કારણે સરકારે વિવિધ પ્રકારના પ્રત્યક્ષ અને પરોક્ષ કરમાં ઘટાડો કર્યો છે. પરિણામે સરકારની આવકમાં ઘટાડો થયો છે. બેક્કિંગ ક્ષેત્રના સુધારા અન્વયે રિઝર્વ બેક્ક ઓફ ઇન્ડિયા (RBI) એ બચત અને બાંધી મુદતની થાપણોના વ્યાજદરમાં 3થી 4 ટકાનો ઘટાડો કર્યો છે. સહકારી ક્ષેત્રે પણ બચતોના વ્યાજદરમાં ઘટાડો થયો છે, પરિણામે નિશ્ચિત વ્યાજની આવક ધરાવનારાઓ, મધ્યમ વર્ગ અને પેન્શન પર આધારિત વર્ગને મોટું આર્થિક નુકસાન થયું છે.

- વિકસતા દેશો ઉદારીકરણના નામે પ્રદૂષણ વધારતા ઉદ્યોગો ત્રીજા વિશ્વના દેશોમાં ઊભા કરી પર્યાવરણમાં અસમતુલન ઊભું કરે છે. ઉદારીકરણના લીધે દરેક બાબતોને બજાર પર છોડી દેવામાં આવી છે. પરિણામે અસમાનતા અને મોંઘવારીમાં વધારો થયો છે.

### 6. સંસ્કૃતિકરણની વ્યાખ્યા સમજાવો. (March 18)

- ભારતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. એમ. એમ. શ્રીનિવાસ સંસ્કૃતિકરણ શબ્દના પ્રયોજક છે. ભારતીય જ્ઞાતિવ્યવસ્થાનાં સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનને સમજાવવા માટે તેમણે આ શબ્દનો પ્રયોગ કર્યો હતો. મોટા ભાગના સમાજશાસ્ત્રીઓ માનતા હતા કે જ્ઞાતિવ્યવસ્થામાં દરજ્જાવિષયક પરિવર્તન શક્ય નથી. પરંતુ ડૉ. શ્રીનિવાસે પોતાના અભ્યાસમાં જણાવ્યું કે, જ્ઞાતિવ્યવસ્થા જેવી પ્રમાણમાં બંધ પ્રકારની સ્તરરચનામાં પણ પરિવર્તન શક્ય છે.
- આ સંદર્ભમાં તેમણે 'સંસ્કૃતિકરણ'નો ખ્યાલ આપ્યો છે. દક્ષિણ ભારતના મૈસૂર રાજ્યના કુર્ગ લોકોના ધર્મ અંગેના અભ્યાસમાં ડૉ. શ્રીનિવાસે સંસ્કૃતિકરણની પ્રક્રિયાના અસ્તિત્વને રાષ્ટ્રીય સ્તરે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ડૉ. શ્રીનિવાસ સંસ્કૃતિકરણની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, સંસ્કૃતિકરણ એવી પ્રક્રિયા છે જેમાં નિમ્ન હિન્દુ જ્ઞાતિ, આદિવાસી કે અન્ય સમૂહો તેમનાથી ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ કે 'દ્વિજ' જ્ઞાતિઓના રિવાજો, વિધિવિધાનો, વિચારસરણી અને જીવનશૈલીનું અનુકરણ કરે છે. આમ કરીને તેઓ પોતાનો પરંપરાગત સામાજિક દરજ્જો જ્ઞાતિના કોટિક્રમમાં ઉચ્ચ હોવાનો દાવો કરે છે આમ, જ્યારે કોઈ નિમ્ન જ્ઞાતિજૂથ પોતાનાથી ને નાનાથી (ઉચ્ચ જ્ઞાતિજૂથની સરકૃતિનાં તત્ત્વો અપનાવે છે ત્યારે તે નિમ્ન જ્ઞાતિજૂથનું સંસ્કૃતિકરણ' થયું કહેવાય. ભારતની અનેક મિન નાતિમો એ ઉરચ જ્ઞાતિઓની અટકો, નામ, રીતરિવાજ, ધાર્મિક પતનો. ખાનપાન, પોશાક, ભાષા, વ્યવસાય, કલા, લગ્ન અને કુટુંબ જીવનની પરંપરાઓ વગેરે અપનાવીને પોતાનું સંસ્કૃતિકરણ કર્યું છે.'
- ઇ. શ્રીનિવાસે પોતાના અભ્યાસમાં દર્શાવ્યું છે કે, નિઃ શાતિઓ 'બાહ્મણ' શાતિનું અનુકરણ કરી પોતાના કેટલાક રિવાજો અને જીવનશૈલીનો ત્યાગ કરે છે.
- આમ, સંસ્કૃતિકરણની પ્રક્રિયા જ્ઞાતિનોને સામાજિક કોટિક્રમમાં ઊભી સામાજિક ગતિશીલતા અપાવે છે. સંસ્કૃતિ કરણ 'ના ખ્યાલની રજૂઆત ડૉ. શ્રીનિવાસે ન મોર કાની યુનિવર્સિટી ઓફ લિકૉનપામાં ઈ. સ. 1933માં રવીન્દ્રનાથ ઢગોર વ્યાખ્યાનમાળા દરમિયાન કરી હતી. શરૂઆતમાં તેમણે 'બ્રાહ્મણીકરણ' શબ્દનો પ્રયોગ કરીને આ ખ્યાલ રજૂ ક્યોં હતો. કેમ કે, દક્ષિણ ભારતના અભ્યાસને આધારે તેઓ એવું માનતા હતા કે નિમ્ન જ્ઞાતિઓ કે આદિવાસી સમૂહો માત્ર બ્રાહ્મણોનું જ અનુકરણ કરે છે. પરંતુ એ જ સમયે ભારતમાં સંશોધન કરતા સમાજશાસ્ત્રી ડેવિડ પોકોક અને અન્ય માનવશાસ્ત્રીઓએ ડૉ. શ્રીનિવાસનું ધ્યાન દોર્યું કે ભારતના જુદા જુદા પ્રદેશોમાં બ્રાહ્મણો ઉપરાંત ક્ષત્રિયો કે અન્ય કિજ' જ્ઞાતિઓનું પણ અનુકરણ કરવામાં આવે આથી ડો. શ્રીનિવાસે 'બ્રાહ્મણીકરણ'ને સ્થાને 'સંસ્કૃતિકરણ' શબ્દનો પ્રયોગ કર્યો.

7. વૈશ્વિકીકરણની વ્યાખ્યા સમજાવો. (March 18)

- વીસમી સદીના છેલ્લા 10 વર્ષમાં સમગ્ર વિશ્વમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ. 24 જુલાઈ, 1991ના રોજ તત્કાલીન વડા પ્રધાન નરસિંહરાવે નવી આર્થિક નીતિની જાહેરાત કરી. પરિણામે ભારતના અર્થતંત્રમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ. વૈશ્વિકીકરણ એ સામાજિક, આર્થિક અને રાજકીય રીતે જટિલ પ્રક્રિયા છે.
- જે દુનિયાના તમામ દેશોમાં છે. સમાજ વૈજ્ઞાનિકોના મતે વૈશ્વિકીકરણની પ્રક્રિયા સમય અને ભૌતિક અંતર ઘટાડી રાષ્ટ્ર અને રાજ્યને નજીક લાવે છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયાથી સમગ્ર વિશ્વ એક ગામ બને છે અને યંત્રવૈજ્ઞાનિક સોતો અને સંચારક્રાંતિ આ પ્રક્રિયાને વેગ આપે છે. વૈશ્વિકીકરણ એટલે સમગ્ર જગતના દેશો વૈશ્વિક સ્તરે વિચારણા કરે. કોઈ પણ દેશ પોતાના રાજકારણ, અર્થકારણ સમાજ કે સંસ્કૃતિ વિશે અલગ રીતે વિચાર ન કરતાં ફક્ત સમગ્ર જગતના સંદર્ભમાં જ વિચાર કરે. વૈશ્વિકીકરણની પ્રક્રિયાથી સ્થાનિક અને વૈશ્વિક સમાજની પ્રજા એક તાંતણે બંધાઈ છે.
- આ માટે વિવિધ પ્રક્રિયાઓ વિશ્વની પ્રજાના સામાજિક સંબંધો પર મોટી અસર નિપજાવે છે. જેને સમાજશાસ્ત્રીઓ વૈશ્વિકીકરણ' કહે છે. કેટલાક વિદ્વાન સમાજશાસ્ત્રીઓએ વૈશ્વિકીકરણની પ્રક્રિયાને નીચે પ્રમાણે સમજાવી છે : ગીડેન્સ : વિભિન્ન લોકો અને દુનિયાનાં વિભિન્ન ક્ષેત્રોની વચ્ચે વધતી જતી પારસ્પરિકતા જ વૈશ્વિકીકરણ છે. આ પારસ્પરિકતા સામાજિક અને આર્થિક સંબંધોમાં થાય છે. આમાં સમય અને સ્થાન મળી જાય છે. યોગેન્દ્ર સિંહ૦
- ભારતીય સમાજમાં 1990ના દાયકા પછી ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વૈશ્વિકીકરણને કારણે સામાજિક સ્તરીકરણનું સ્વરૂપ બદલાયું છે. સાથે સાથે સામાજિક પરિવર્તનની ગતિમાં બદલાવ આવ્યો છે. ઉપરાંત વસ્તીવિષયક પરિવર્તન અને નગરીકરણ તથા ઔદ્યોગીકરણની પ્રક્રિયા તીવ્ર બની છે. માલ્કમ વોટર્સ : વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે. જેમાં સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા પર જે ભૌગોલિક દબાણ હોય છે તે પાછળ હટી જાય છે અને લોકો પણ સમજે છે કે ભૌગોલિક સીમોનો અર્થ વગરની કે બેમતલબ હોય છે.

8. ઉદારીકરણના લાભ જણાવો. (July 18, March 19)

- વૈશ્વિકીકરણ અને ખાનગીકરણની પ્રક્રિયા સાથે ઉદારીકરણની પ્રક્રિયા જોડાયેલી છે. ઉદારીકરણનો સામાન્ય અર્થ એ છે કે, દુનિયાના વિવિધ દેશો વચ્ચે જે આદાનપ્રદાન થાય છે તથા આર્થિક ક્ષેત્રમાં જે આયાતનિકાસ થાય છે તેના પર રાજ્યના નિયંત્રણને ઓછું કરવું.ઉદારીકરણના લાભ નીચે પ્રમાણે છે : આર્થિક સુધારાની નીતિથી ભારતમાં વિદેશી મૂડીરોકાણ વધ્યું. કે કેટલીક બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારતીય કંપનીઓ સાથે ભાગીદારી કરતાં અદ્યતન ટેકનોલૉજી પૂરતા પ્રમાણમાં મળી, જેના કારણે ઉત્પાદન પ્રક્રિયામાં તેનો ઉપયોગ વધ્યો.
- આ ટેકનોલૉજી ઉત્પાદનખર્ચ ઘટાડનારી અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત એકમ બનાવનારી હોવાથી ગ્રાહકોને શ્રેષ્ઠ વસ્તુઓ વાજબી કિંમતે મળવા લાગી. ઈ. સ. 1991 પહેલાં અનેક વસ્તુઓ, સેવાનો અને વિતરણમાં ઈજારાશાહી હતી. ખાનગીકરણ અને મુક્ત સ્પર્ધાને કારણે કંપનીઓ વાજબી કિંમતે સારી ગુણવત્તાવાળી

વસ્તુઓ વેચવા લાગી. આર્થિક સુધારાઓને કારણે સ્પર્ધાઓ વધવાથી ઉત્પાદકોને પોતાનાં ઉત્પાદનનાં સાધનો વધારવાની ફરજ પડી.

- વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે ઉત્પાદકોએ જરૂરી સંચાલકીય ક્ષમતા વધારી અને મેનેજમેન્ટ ટેકનિકમાં સુધારાઓ કરવામાં આવ્યો, વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે શ્રમિકોને પણ આધુનિક તાલીમ લેવાની ફરજ પડી. વૈશ્વિકીકરણને કારણે ખાનગીકરણને વેગ મળ્યો અને જાહેર ક્ષેત્રનું સંકોચન થવા લાગ્યું. આથી કેટલાક એકમોમાં સ્વૈછિક નિવૃત્તિની યોજના અમલમાં આવતાં વહીવટી ખર્ચ ઘટયો. ધિરાણ પરના વ્યાજના દરમાં ઘટાડો થવાથી ઉત્પાદનખર્ચમાં ઘટાડો થયો છે. વૈશ્વિકીકરણના કારણે સાંસ્કૃતિક ઉદારીકરણ થયું છે. વિદેશી ચેનલોની સ્થાનિક સંસ્કૃતિ પર અસર થઈ છે.
- ઉદારીકરણની નીતિના સંદર્ભમાં બલદેવ નાયરના મતે, બજારો નિણયિક બની ગયાં છે. ઉદારીકરણે ઉપભોક્તાવાદને પ્રોત્સાહિત કર્યો છે. ઉદારીકરણના લીધે ટીવી ચેનલો, મોબાઇલ, ઇન્ટરનેટ કંપનીઓ અને ઑનલાઇન શૉપિંગને પ્રોત્સાહન મળ્યું છે. ઉદારીકરણથી લોકોની જીવનશૈલીમાં અને વપરાશની ચીજવસ્તુઓમાં ખૂબ મોટો બદલાવ આવ્યો છે.